# પ્રશ્નબેંક

# ગુજરાતી

## : 1 થી 4

## વર્ષ : 2025-26

# પ્રથમ સત્ર

## અધ્યયન નિષ્પત્તિઓની યાદી
## ગુજરાતી ધોરણ 7 (પ્રકરણ 1 થી 4)

| ક્રમ | અધ્યયન નિષ્પતિ ક્રમાંક | અધ્યયન નિષ્પતિ વિધાન |
|---|---|---|
| 1 | G703 | વાચન અર્થગ્રહણ |
| 2 | G703.3 | વિગતો વચ્ચેના સંબંધો સમજે છે. |
| 3 | G703.4 | વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે. |
| 4 | G703.5 | સામગ્રીનું વિશ્લેષણ કરે છે. |
| 5 | G703.6 | સામગ્રી વિષયક વિવેચનાત્મક ચિંતન કરે છે. |
| 6 | G704.5 | શબ્દ, શબ્દસમૂહ, કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ, વાર્તા અને કાવ્યની રચના કરે છે. |
| 7 | G705.1 | અગાઉ શીખી ગયેલા ભાષારચનાના ઘટકો નો ઉપયોગ કરી વાક્યરચના કરે છે. |

| | | |
|---|---|---|
| 8 | G705.3 | અભિવ્યક્તિને ચોકસાઈપૂર્ણ અને અસરકારક બનાવવા માટે એકાધિક વિશેષણ અને ક્રિયા વિશેષણનો ઉપયોગ કરે છે. |
| 9 | G705.4 | શરતી વિધાન, ઉદગાર, સંશયાર્થ, ઈચ્છાર્થક વાક્યરચનાઓ ઓળખાવે અને ઉપયોગ કરે છે. |
| 10 | G705.9 | ભાષા સંરચનાની ક્ષતિઓ શોધી સુધારી સામગ્રીનું પુન: લેખન કરે છે. (એડિટિંગ) |
| 11 | G706.1 | અપરિચિત શબ્દોના અર્થની ધારણા કરે, શોધખોળ કરે અને તારવે છે. |
| 12 | G706.2 | શબ્દ બદલીને વાક્ય રચનાઓ નિપજાવે છે. |
| 13 | G706.4 | વિશિષ્ટ શબ્દોના અર્થ સાંસ્કૃતિક સંદર્ભમાં સમજે અને ઉપયોગ કરે. |
| 14 | G707.5 | પોતાના અનુભવો સાથે ભાવાત્મક ઘટનાનું, પાત્રોનું અને ભાષાનું અનુસંધાન કરે છે. |
| 15 | G709.2 | લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે. |
| 16 | G703.7 | સામગ્રી વિષયક આગાહી કરે અને સર્જનાત્મક ચિંતન કરે છે. |
| 17 | G706.8 | શબ્દસમૂહ માટે એક શબ્દનો ઉપયોગ કરે છે. |

**C 3.2** સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.

**LO 706.4** : વિશિષ્ટ શબ્દોના અર્થ સાંસ્કૃતિક સંદર્ભમાં સમજે અને ઉપયોગ કરે.

**હેતુલક્ષી પ્રશ્નો**

સૂચના : કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો. (દરેક પ્રશ્નના ગુણ 5)

**(પ્રભુપુત્ર, જનસેવા, કૃષ્ણપ્રભુ, ક્ષમાસિંધુ, એકપત્નીવ્રત)**

1. એક ગામમાં રામજી ભગવાનનું સુંદર મંદિર હતું. ત્યાં ભગતજી નામના એક વૃદ્ધ પૂજારી રહેતા, જે હંમેશા .............. કરતા. તેઓ પોતાની પત્ની પ્રત્યે .............. પાળતા. ગામલોકો તેમને .............. જેટલો જ આદર આપતા. એકવાર આ ભગતજીના .............. એ મંદિરમાં એક મોટી ભૂલ કરી. ગામલોકો ગુસ્સે થયા, પણ ભગતજી તો સાચા .............. હતા. તેમણે પોતાના પુત્રને માફ કરી દીધો અને સૌને સમજાવ્યું કે પ્રેમ અને ક્ષમા જ સાચી ભક્તિ છે.

**(સેવક, નિષ્પક્ષ ન્યાય, એકમાત્ર રાજા, કુટુંબીજનો, વિશાળહૃદય)**

2. એક જંગલમાં એક બુદ્ધિશાળી વાંદરો રહેતો હતો. તે હંમેશા .............. ની જેમ પ્રાણીઓની સેવા કરતો અને બધા પ્રાણીઓને મદદ કરતો. સિંહ રાજાને પોતાના .............. પર ખૂબ ગર્વ હતો, પણ તે થોડો કડક સ્વભાવનો હતો. એક દિવસ સિંહે કહ્યું, " હું તો જંગલનો .............. છું !" વાંદરાએ કહ્યું, " મહારાજ, તમારા .............. ને પણ કહો કે તેઓ નાના પ્રાણીઓને હેરાન ન કરે." સિંહ પહેલાં તો થોડો ગુસ્સે થયો, પણ પછી વાંદરાની વાત સમજી ગયો અને .............. બનીને વાંદરાને માફ કરી હસી પડયો.

**(દાનવીર, ક્ષમાશીલ, ચાંદામામા, દયાળુ)**

3. એક શહેરમાં મીઠાઈ વાળો હતો . તે પોતાની દુકાનમાંથી વધેલી મીઠાઈઓ ગરીબ બાળકોને આપતો . તે સાચો .............. હતો . આ કાર્યથી તે .............. તરીકે આખા શહેરમાં પ્રખ્યાત થયો . બાળકો તેને

............... ની જેમ જાતા હતા . એકવાર એક બાળકથી કાચની બરણી તૂટી ગઈ પરંતુ મીઠાઈવાળો ............... હોવાથી બાળકને કઈ કહ્યું નહિ.

**C 5.2 :** કથન અને લેખનને રસપ્રદ અને વધુ આનંદદાયી બનાવવા માટે ભાષામાં લય / તાલ, અનુપ્રાસ / વર્ણસગાઈ, શ્લેષ અને અન્ય શબ્દરમતોનો ઉપયોગ કરતાં રહે છે.
**LO: 706.1**: અપરિચિત શબ્દોના અર્થની ધારણા કરે, શોધખોળ કરે અને તારવે છે.

**હેતુલક્ષી પ્રશ્નો**

પ્રશ્ન **:** કૌસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
(5 ગુણ)

(1) **(સરક સરક, ઝબક ઝબક, ટપક ટપક, ઘટક ઘટક, ટમક ટમક)**

1. વરસે વરસાદ આજ ______________
2. પીધો વરસાદ અમે ______________
3. પાણીમાં તરતી કાગળની હોડીઓ
4. વાદળમાં વીજળીઓ ______________
5. પાછળ તારલિયા ______________

(2) **(લૂમે લૂમે, હૂપાહૂપ, ફૂદુક ફૂદુક, ટપક ટપક, ટહુક ટહુક)**

1. અમે ગયા 'તા આજ જંગલની ઓલી પાર
2. સસલા કૂદે છે જ્યાં ______________
3. વાઘની ત્રાડો ને સિંહની ગર્જના
4. વાંદરા કરે છે જ્યાં ______________
5. કોયલ ટહુકો ને કાબરનો કલશોર
6. મોર કરે છે જ્યાં ______________
7. વાદળનો ગડગડાટ ને વીજળીનો ઝબકાર
8. વરસાદ વરસે છે જ્યાં ______________
9. પર્ણો પમરાટ ને ફૂલો મઘમઘાટ
10. વળગ્યા છે ફળો ______________

**C 3.1 -** વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - **parts of speech (**નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.
**LO** ક્રમાંક : **705.4 :** શરતી વિધાન, ઉદગાર, સંશયાર્થ, ઈચ્છાર્થક વાક્યરચનાઓ ઓળખાવે અને ઉપયોગ કરે છે

**હેતુલક્ષી પ્રશ્નો**

પ્રશ્ન **:** આપેલ શબ્દનો ઉપયોગ કરી ઉદાહરણ મુજબ વાક્ય બનાવો**.** (દરેકના 1-1 ગુણ)

1) જો ..... તો,

2) જ્યારે ......... ત્યારે,
3) વાહ,
4) અરરર,
5) ખરેખર,
6) સાચે જ,
7) કરવું

ઉદાહરણ : તમારો પ્રથમ નંબર આવ્યો ! સાચે જ !
જો તમે વર્ગમાં ધ્યાન આપશો તો તમને સમજવામાં સરળતા રહેશે.

**C 3.1 -** વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - **parts of speech (**નામ**,** સર્વનામ**,** ક્રિયાપદ**,** વિશેષણ**,** ક્રિયાવિશેષણ**,** વિસ્મયબોધક**,** નામયોગી અવ્યય**,** સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.

**LO** ક્રમાંક : **706.2** શબ્દ બદલીને વાક્ય રચનાઓ નિપજાવે છે.

**ટૂંક જવાબી પ્રશ્નો**

પ્રશ્ન **:** આપેલા વિધાનોમાં રેખાંકિત શબ્દને સ્થાને તેનો વિપરીત અર્થ લખીને વાક્યનો ભાવાર્થ ન બદલે એ રીતે વાક્ય ફરીથી લખો**.** (દરેકના 1-1 ગુણ)

ઉદાહરણ **:** રામ રાવણ સામે યુદ્ધ જીતવામાં સફળ રહ્યા હતા
રામ રાવણ સામે યુદ્ધ જીતવામાં અસફળ રહ્યા ન હતા.

1. વૃક્ષો દિવસે ઉચ્છવાસમાં ઓક્સિજન છોડે છે.
2. હરખચંદને કપડાના વેપારમાં ઘણો લાભ થયો.
3. રાવણની બહેન શુપર્ણખાનો ચહેરો કદરૂપો હતો.
4. વિદ્યાર્થીઓ પરીક્ષા બાબતે નિશ્ચિંત હતા.
5. ગામડાના લોકો દિલથી અમીર હોય છે.
6. ગાંધીજી અસત્ય બોલતા ન હતા.
7. ગુજરાતી વિષયના શિક્ષક બધા વિદ્યાર્થીઓને પ્રિય હતા.
8. દુર્જન લોકોનો અંત સુખી હોતો નથી.

**LC 3.1 -** વિવિધ સાહિત્યસ્વરૂપોના વાચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - **parts of speech (**નામ**,** સર્વનામ**,** ક્રિયાપદ**,** વિશેષણ**,** ક્રિયાવિશેષણ**,** વિસ્મયબોધક**,** નામયોગી અવ્યય**,** સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.
**LO** ક્રમાંક : **705.1** અગાઉ શીખી ગયેલા ભાષારચનાના ઘટકો નો ઉપયોગ કરી વાક્યરચના કરે છે.

**ટૂંક જવાબી પ્રશ્નો**

પ્રશ્ન **:** આપેલ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો
(દરેકનાં 1-1 ગુણ)

ઉદાહરણ મુજબ વાક્ય બનાવો.

(ટીપટીપ, ફટાફટ, ધબધબ, માંડમાંડ, ટીક ટીક, ટપટપ, છુકછુક, ઝરમર, કામબામ, ખટપટ, રૂમઝુમ, નળબળ, બડબડ, લબલબ, કચકચ, દળબળ, ખળખળ, જબજબ)

ઉદાહરણ **:**

પાણીના ટીપાં <u>ટીપટીપ</u> પડતાં હતાં.

કીર્તિએ પોતાનું ગૃહકાર્ય <u>ફટાફટ</u> કરી નાખ્યું.

C 3.1 - વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - parts of speech (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે

LO ક્રમાંક : 705.9 ભાષા સંરચનાની ક્ષતિઓ શોધી સુધારી સામગ્રીનું પુન: લેખન કરે છે. (એડિટિંગ)

## અતિ ટૂંકજવાબી પ્રશ્નો

પ્રશ્ન **:** આપેલ વાક્યમાં શબ્દો ઉલટ**-**સુલટ થઈ ગયેલ છે તેને યોગ્ય રીતે ગોઠવી વાક્ય ફરીથી લખો**.** (દરેકનાં 1-1 ગુણ)

1. સાપુતારા અમે ફરવા બધા જન્માષ્ટમીની જવાના છીએ રજામાં.
2. કવિતા શિક્ષક ગુજરાતીની અમારા સુંદર અમને સંભળાવે છે.
3. ચેસ જૈનિલ ગઈકાલે રમતા અને બન્ને હતા જિજ્ઞા.
4. ગુપ્તદાન આપેલો પીતાંબર પટેલના મહિમા પાઠમાં દાનનો છે.
5. નાનપણનું સિદ્ધાર્થ હતું નામ ભગવાન બુદ્ધનું.
6. તીર્થંકર હતા જૈન ધર્મના પ્રથમ ચોવીસ તીર્થંકરોમાંથી વૃષભદેવ.
7. પ્રશ્નબેંક પરથી આવેલી અમારા તૈયાર શિક્ષકે સરસ છે પ્રશ્નપત્ર કર્યું રાજ્યમાંથી.
8. બાણ વડે હણે રાવણને છે સીતા માટે રામ.
9. આંબાની મજા કેરીઓ ઉનાળામાં પડતી સ્વાદિષ્ટ ખાવાની ખૂબ જ.

**C1.1 -** પાઠ્યસામગ્રી (સમાચાર, રિપોર્ટ્સ, સંપાદકીય)ને કાળજીપૂર્વક સાંભળીને અથવા વાંચીને મુખ્ય મુદ્દાઓ તારવે છે અને સારાંશ
કરે છે.
**LO** : **703.3 -** વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.

## હેતુલક્ષી પ્રશ્નો

**પ્રશ્ન :** અહીં બે ફકરા ભેગા થઈ ગયા છે તેને છૂટા પાડીને બે ભાગમાં લખો. (5 ગુણ)

(1) અમારે ત્યાં એક ગાય હતી – એનો રંગ સફેદ. સંશોધન કહે છે કે દેશી ગાય પ્રાકૃતિક કૃષિની કામધેનુ સમાન છે. એને શિંગડાં નહોતાં. અમારા કુટુંબની એ કામધેનુ હતી. ગાયના ગોબરથી ખેડૂતો ઝીરો બજેટમાં ખેતી કરી શકે છે. એનાં છાણમૂત્રની બહુ માંગ રહેતી. દેશી ગાયનું ગોબર નાઇટ્રોજનનું સ્થાપન કરે છે. એનો ઉપયોગ કરીને પ્રાકૃતિક ખેતી થાય છે. એનો વંશવેલો બહુ મોટો.આવા ઉત્પાદનો આરોગવાથી સ્વાસ્થ્ય પણ સારું રહે છે.

ફકરો **-1**......................................................

ફકરો **-2**......................................................

(2) મુંબઈમાં હૉપકીન ઇન્સ્ટિટ્યૂટ છે. નોળિયો સાપનો દુશ્મન છે. ત્યાં સાપનો, સાપના ઝેરનો અભ્યાસ થાય છે. સાપ કરતાં વધારે ચાલાક હોય છે. તે ચંચળ પણ સાપ કરતા વધુ હોય છે. સાપ કરડે ત્યારે એનું ઝેર ઉતારવા માટેનાં ઇંજેક્શન બનાવવાનાં થાય. તે ત્યાં તૈયાર થાય છે. આથી એમની લડાઈમાં સામાન્ય રીતે નોળિયો જ જીતે છે. ત્યાં સાપ કાંચળી કેમ ઉતારે છે એનું નિરીક્ષણ કરવામાં આવે છે.કેટલાક લોકો એમ કહે છે કે એ લડતાં લડતાં કોઈ વનસ્પતિ સૂંઘી આવે છે.

ફકરો **-1**......................................................

ફકરો **-2**......................................................

(3) પારસી લોકોની મૂળ ભાષા ફારસી છે. આજથી હજારથી પણ વધુ વર્ષ પહેલાંની આ વાત છે. ગુજરાતના સંજાણ બંદરે એક વહાણ આવ્યું. આ ભાષા તેમના ધર્મની અને અવેસ્તાની ભાષા છે. આ વહાણ ઈરાનથી આવેલું એક પરદેશી વહાણ હતું. આ ઈરાનીઓ અહીં વેપાર કરવા કે સહેલ કરવા નહોતા આવ્યા.ગુજરાતમાં ગુજરાતી ભાષાને એમણે માતૃભાષા તરીકે સ્વીકારી લીધી. તેઓ પોતાનો દેશ છોડીને અહીં વસવાટ માટે આવ્યા હતા. તેમણે જાણના રાણાના દરબારમાં માણસ મોકલી અરજી કરી કે અમને અહીં વસવાની રજા આપો. આથી તેઓ હવે ગુજરાતી ભાષામાં વાત કરે છે.

ફકરો **-1**......................................................

ફકરો **-2**......................................................

(4) સાત વર્ષની ઉંમરે પુસ્તક લખનાર સૌથી નાની લેખિકાનું નામ તમે સાંભળ્યું છે ! તેનું નામ છે અભિજિતા ગુપ્તા. આજે તમને એક અદ્ભુત દાદીમા વિશે વાત કરવી છે. તેનું પુસ્તક ' હેપ્પીનેસ ઓલ અરાઉન્ડ ' ખૂબ પ્રખ્યાત થયું છે. તેમને પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત થયો છે.આ પુસ્તકમાં ચાર વાર્તા, દસ કવિતા અને કેટલાંક ચિત્રો છે. ચંપલ પહેર્યાં વગર તેઓ આ પુરસ્કાર ગ્રહણ કરવા માટે ગયાં હતાં.તેમણે કર્ણાટકમાં હુલિકલ અને કુદુર વચ્ચેના 45 કિલોમીટરના રસ્તા પર 385 વટવૃક્ષનું વાવેતર કર્યું હતું. તેની પહેલી વાર્તા હતી '

હાથીની સલાહ ' અને પહેલી કવિતા હતી ' ખુશહાલ દિવસ '.તેઓ આ પુરસ્કાર મેળવતા સમયે 107 વર્ષનાં હતાં.

ફકરો **-1**…………………………………………….

ફકરો **-2**…………………………………………….

**C 1.3-** સામાજિક અનુભવો વિશે સમુચિત ભાષાનો ઉપયોગ કરી મુક્ત જવાબી, નિશ્ચિત જવાબી, ઔપચારિક, અનૌપચારિક સંદર્ભ અનુસાર સંવેદનશીલ રીતે તપાસમાં ઊતરે છે.
**LO : 707.5 -** પોતાના અનુભવો સાથે ભાવાત્મક ઘટનાનું, પાત્રોનું અને ભાષાનું અનુસંધાન કરે છે.

(અ) અને (બ) વિભાગમાંથી વાક્યો પસંદ કરી ઉદાહરણ મુજબ બંને વાક્યોને ‘ તો ’ વડે જોડી કુલ ત્રણ વાક્યો બનાવી લખો. (દરેક પ્રશ્નના ગુણ 6)

(1)

| (અ) | (બ) |
|---|---|
| - કોઈ કૂતરાને પથ્થર મારતું હોય એવું જોઉં. | - એક પ્રમુખ તરીકે હું નિર્લેપી રહીને ન્યાય કરું. |
| - બાળસંસદમાં કોઈ ગ્રૂપના લીડર વિશે વિદ્યાર્થીઓ મને ફરિયાદ કરે. | - હું નિ : સ્વાર્થભાવે જનસેવા કરું. |
| - કોઈના ખોવાઈ ગયેલા પચાસ રૂપિયા મને મળે. | - હું તેને હિંસા ન કરવા સમજાવું. |
| - ગામમાં કોઈ રોગચાળો ફાટી નીકળે. | - હું નેકીના રસ્તે ચાલી તેમના રૂપિયા પાછા આપી દઉં |

**(**ઉદાહરણ : કોઈ કૂતરાને પથ્થર મારતું હોય એવું જોઉં તો હું તેને હિંસા ન કરવા સમજાવું.**)**

(2)

| (અ) | (બ) |
|---|---|
| - બે વ્યક્તિ મારામારી કરતાં હોય તેવું હું જોઉં | - હું નેકીના રસ્તે ચાલી દરેક વર્ગમાં જઈને પૂછું કે તે પેન્સિલ કોની છે અને જેની હોય તેને આપી દઉં. |
| - પોતાનો જ ભાઈ ચોર હોવાની ફરિયાદ મળે. | - લોકો નિ : સ્વાર્થભાવે ફરીથી જનસેવા કરે જ. |
| - કોઈની ખોવાઈ ગયેલી પેન્સિલ મને મળે. | - ન્યાયાધીશ નિર્લેપી બનીને ન્યાય કરે. |
| - કોરોના જેવી મહામારી ફરીથી ફેલાય. | - હું તે બંનેને છૂટા પાડીને તેમનું સમાધાન કરવા પ્રયત્ન કરીશ. |

(3)

| (અ) | (બ) |
|---|---|
| - જમતી વખતે કોઈ મોબાઈલ જુએ છે. | - હું પ્રમાણિક રીતે જે સત્ય કારણ હોય તે સૌને જણાવું |
| - ભાઈબંધ નવાં ને મોંઘાં બૉલબૅટ લઈને રમવા આવે. | - હું તેમને જમતી વખતે મોબાઈલ ન જોવા કહું |
| - મારે ગૃહકાર્ય લખવાનું બાકી રહી ગયું હોય. | - હું નિ : સ્વાર્થભાવે તેમને મિત્ર બનાવું. |
| - વર્ગમાં નવા વિદ્યાર્થીઓ ઍડમિશન લે. | - હું ઉત્સાહપૂર્વક તેની સાથે રમું. |

**પ્રશ્ન :** પંક્તિની નજીકનો અર્થ કૌંસમાં આપેલ વિકલ્પોમાંથી શોધીને લખો (ગુણ 5)

(4) **(**જીવનની સાર્થકતા, એકતા અને સમાનતા, લક્ષપ્રાપ્તિનો દૃઢનિશ્ચય, મોહમાયા ત્યાગી આગળ વધવું, માત્ર મોજમજા કરવામાં જ ન જીવવું**)**

ભૂલી જઈને ભેદ આપણે એક થઈને ચાલો !
– .....................................
છોડી દઈને રંગરાગને, ભેખ લઈને ચાલો !
– .....................................
અમનચમનનાં સમણાં કેરો સ્હેજે નહીં કૂંફાડો ! –
.....................................
અહીં ઊભા તો મોત : જશું તો જીવન જયજયકાર !
– .....................................
બસ જવું એ જ નિર્ધાર ! – .....................................

**C 3.1 -** વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - **parts of speech (**નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો)ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.
**LO**: **705.3 -** અભિવ્યક્તિને ચોકસાઈપૂર્ણ અને અસરકારક બનાવવા માટે એકાધિક વિશેષણ અને ક્રિયાવિશેષણનો ઉપયોગ કરે છે.

ઉદાહરણ મુજબ વાક્યરચના કરો**.**
ઉદાહરણ : શાળામાં ટીવી છે. - શાળામાં ભણવા માટે મોટું ટીવી છે.
જનકપુર ગામમાં મેદાન છે. – જનકપુર નામના વિશાળ ગામમાં રમતનું ભવ્ય મેદાન છે.

1. સંતને હું નમન કરું છું.
2. તુલસીએ શનિવારે લેસન કરી નાખ્યું.
3. પ્રાર્થનાસભામાં ભાવિન પુસ્તક વિશે વાત કરી.
4. પાયલે પાંચસો રૂપિયાના ચંપલ ખરીદ્યા.
5. આજે વરસાદ પડવાની આગાહી થઈ છે.
6. નીલમે ચોપડીમાં લીટા પાડયા.

**C 8.1 -** વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - **parts of speech (**નામ**,** સર્વનામ**,** ક્રિયાપદ**,** વિશેષણ**,** ક્રિયાવિશેષણ**,** વિસ્મયબોધક**,** નામયોગી અવ્યય**,** સંયોજકો)ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.
**LO - 705.1** : અગાઉ શીખી ગયેલા**,** ભાષારચનાના ઘટકોનો ઉપયોગ કરી વાક્યરચના કરે છે.

**ટૂંકજવાબી**

**પ્રશ્ન :** આપેલા બે વાક્યોને જોડવા માટે જે શબ્દ વપરાયો હોય તેના પર છેકો મારી બંને વાક્યો છૂટા પાડીને લખો**.**
(દરેક 1 ગુણ)

1. ચિત્રકાર સરસ ચિત્ર દોરે છે અને લહિયો સરસ લખે છે.
2. મેં આ વર્ષે ખૂબ મહેનત કરી હતી એટલે ખેલમહાકુંભમાં રાજ્યકક્ષાએ મારો પ્રથમ નંબર આવ્યો.
3. તમે અમદાવાદ આવ્યાં પણ મારા ઘરે આવ્યાં નહીં.
4. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.
5. મને તકલીફ પડી છતાં મારું ઘડતર થયું એ વાતનો સંતોષ છે.

**પ્રશ્ન :** આપેલ શબ્દોનો ઉપયોગ કરીને પ્રશ્ન બનાવો. (દરેકનાં 1-1 ગુણ)

(કોણ, શું, શો, શી, શા, કોને, કોના દ્વારા, કોના માટે, ક્યાંથી, કોને કારણે, કોનો, કોની, કોનું, કોના, ક્યાં, ક્યારે, કેટલું, કેવી રીતે, કંઈ, કયું, કયા)
ઉદાહરણ : સાંદીપનિ ઋષિનો આશ્રમ ક્યાં આવેલો છે ?

C 2.3 સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણનાં વિવિધ પાસાંઓ વિશે પોતાનાં વિચારો અને વિવેચના મૌખિક અને લેખિત સ્વરૂપે અભિવ્યક્ત કરે છે.
LO 703- વાંચન અર્થગ્રહણ

ટૂંકજવાબી

પ્રશ્ન : ફકરો / કવિતા વાંચી પ્રશ્નોના જવાબ લખો.

(1) રજાઓમાં દાદા-દાદીના ગામડે ગયેલાં આરવ અને તેની બહેન સિયા સવારમાં વહેલાં ઊઠીને જંગલમાં ફરવા નીકળ્યાં. ચાલતાં ચાલતાં તેઓ એક ઊંચા પહાડ પાસે પહોંચ્યાં. પહાડમાં એક ગુફાનું મુખ દેખાયું. " ચાલને, અંદર જઈએ !" આરવે કહ્યું. સિયા થોડી ડરી પણ એને સાહસ ખેડવાની ઇચ્છા થઈ.ટૉર્ચ લઈને બંને અંદર ગયાં. ગુફા અંદરથી ઘણી વિશાળ હતી.

અચાનક તેમને એક ચમકતી વસ્તુ દેખાઈ. નજીક જઈને જોયું તો તે એક જૂનો નકશો હતો ! નકશામાં એક માર્ગ દર્શાવ્યો હતો – જેનું શીર્ષક હતું ‘ છૂપાવેલા ખજાનાનો માર્ગ ’. આરવ અને સિયા ઉત્સાહિત થઈ ગયાં. નકશા મુજબ તેઓ આગળ વધ્યાં. રસ્તામાં નાનાં ઝરણાં અને ગાઢ ઝાડ આવ્યાં. છેવટે તેઓ એક મોટા પથ્થર પાસે પહોંચ્યાં. પથ્થર હટાવતા જ તેમને એક નાનકડી પેટી મળી.પેટી ખોલતા જ અંદરથી સુંદર રંગબેરંગી પથ્થરો અને એક ચમકતું મોતી મળ્યાં. આરવ અને સિયા ખૂબ ખુશ થયાં. તેમણે નક્કી કર્યું કે આ ખજાનો તેઓ ગામનાં બાળકો માટે એક નવી શાળા બનાવવા માટે વાપરશે.

પ્રશ્નો :

1. આરવ અને સિયા ગુફામાં ટૉર્ચ લઈને શા માટે ગયાં હશે ? (1 ગુણ)
2. આરવ અને સિયાએ આમ અજાણી ગુફામાં જવાનો નિર્ણય લીધો તે યોગ્ય કહેવાય ? શા માટે ? (2 ગુણ)
3. જો આરવ અને સિયાએ નકશો મળ્યા પછી તરત જ વડીલોને જાણ કરી હોત તો શું જુદું થઈ શક્યું હોત? (1 ગુણ)
4. પથ્થરો અને મોતી કીમતી હશે એવું શાને આધારે કહી શકાય ? (1 ગુણ)
5. જો આરવ અને સિયાએ ખજાનામાંથી મળેલાં પથ્થરો અને મોતી પોતાના માટે રાખ્યાં હોત તો તમના જીવનમાં શો બદલાવ આવી શકત ? (2 ગુણ)
6. આરવ અને સિયાએ પથ્થરો અને મોતીનો ઉપયોગ ગામનાં બાળકો માટે નવી શાળા બનાવવા માટે કરવાનો નિર્ણય શા માટે કર્યો હશે ? (2 ગુણ)
7. જો તમને આવી કોઈ રહસ્યમય ગુફા મળે અને તેમાં ખજાનો મળે, તો તમે તેનો ઉપયોગ કેવી રીતે કરશો ? શા માટે ? (2 ગુણ)

(2) એક અનોખી સાંજે બાર વર્ષનો આદિત્ય અને તેની તેર વર્ષની બહેન પ્રિયા તેમના દાદાના જૂના ઘરમાં રમતાં હતાં. અચાનક તેમને એક ધૂળિયા ખૂણામાં એક વિચિત્ર ઘડિયાળ મળી. તે કોઈ સામાન્ય ઘડિયાળ નહોતી; તેના પર અવનવા પ્રતીકો અને ચક્રો કોતરેલાં હતાં. પ્રિયાએ તેને હાથમાં લીધી અને તરત જ એક બટન દબાવ્યું. તેમ કરવાથી એક તેજસ્વી પ્રકાશ ફેલાયો અને આંખના પલકારામાં તેઓ એક અલગ જ દુનિયામાં પહોંચી ગયાં !

તેઓ એક પ્રાચીન જંગલમાં હતાં, જ્યાં ડાયનાસોર જેવા વિશાળ જીવો ફરતા હતા.આદિત્ય અને પ્રિયા આશ્ચર્યચકિત થઈ ગયાં. તેમણે જોયું કે ડાયનાસોર તેમની તરફ આવી રહ્યાં છે. ગભરાઈને તેઓ ભાગવા લાગ્યાં.

ભાગતાં ભાગતાં તેમને ઘડિયાળ યાદ આવી. આદિત્યએ ઝડપથી એક ચક્ર ફેરવ્યું અને બીજું બટન દબાવ્યું. ફરી એક વાર પ્રકાશ થયો અને તેઓ પાછા તેમના દાદાના ઘરના એ જ ધૂળિયા ખૂણામાં હતાં. હાંફતાં હાંફતાં તેમણે એકબીજા સામે જોયું. આ ઘટનાએ તેમને શીખવ્યું કે દુનિયામાં ઘણાં રહસ્યો છૂપાયેલાં હોઈ શકે છે, અને સાહસની સાથે સાથે સાવચેતી પણ એટલી જ જરૂરી છે. તેમણે નક્કી કર્યું કે તેઓ આ રહસ્યમય ઘડિયાળને સુરક્ષિત રાખીને ભવિષ્યમાં વધુ શોધખોળ કરશે, પણ વધુ સમજદારી સાથે !

પ્રશ્નો :

1. આદિત્ય અને પ્રિયાને ઘડિયાળ મળ્યા પછી પ્રિયાએ તરત જ તેનું બટન દબાવી દીધું એ યોગ્ય હતું ? કેમ ? (2 ગુણ)
2. જો બંનેએ ઘડિયાળ વિશે પહેલાં તેમના દાદાને પૂછ્યું હોત તો શું થઈ શકત ? (1 ગુણ)
3. ડાયનાસોરના યુગમાં પહોંચી ગયા પછી આદિત્ય અને પ્રિયાએ શું જોયું ? (1 ગુણ)
4. આ અનુભવ પછી આદિત્ય અને પ્રિયાએ ' સાહસની સાથે સાથે સાવચેતી પણ એટલી જ જરૂરી છે ' તેવું શા માટે શીખ્યું હશે? તેમના આ નિર્ણયથી ભવિષ્યમાં તમને શો ફાયદો થશે ? (2 ગુણ)
5. જો આદિત્ય અને પ્રિયા ભૂતકાળમાં ડાયનાસોરના બદલે ભવિષ્યમાં કોઈ નવી દુનિયામાં પહોંચ્યાં હોત તો તેમનો અનુભવ કેવો રહ્યો હોત ? શું તે દુનિયા પણ ડરામણી હોત કે અલગ ? (2 ગુણ)

## હેતુલક્ષી

(3) નર્મદા મધ્ય ભારતમાં આવેલી નદી છે. નર્મદા ઉત્તર ભારતના ગંગા-યમુનાના ફળદ્રુપ પ્રદેશ તથા દક્ષિણ ભારતના દખ્ખણના ઉચ્ચપ્રદેશ વચ્ચેની ભૌગોલિક સીમા પણ છે. નર્મદા નદીની લંબાઈ 1312 કિ.મી. છે.

નર્મદા નદીનું મૂળ મધ્યપ્રદેશ રાજ્યના અમરકંટક પર્વતમાં આવેલું છે.

સાતપુડા પર્વતમાળાના ઉદ્ગમસ્થાને મંડલા પહાડો વચ્ચેથી પસાર થતી નર્મદા જબલપુર નજીક આરસના ખડકો કોતરી વિંધ્યાચલ અને સાતપુડા પર્વતમાળાની ખીણમાંથી વહે છે. ગુજરાત રાજ્યમાં પ્રવેશ કરતાં પહેલાં થોડાક અંતર માટે આ નદી ભરૂચ નજીક ખંભાતના અખાતમાં અરબી સમુદ્રને મળે છે.

પ્રશ્નો : (પ્રશ્ન દીઠ 1 ગુણ)

- અહીં કઈ નદી વિશે વાત કરવામાં આવી છે ?

  A. સાબરમતી B. ગંગા
  C. યમુના D. નર્મદા

- નર્મદાનું ઉદ્ગમ સ્થળ કયું છે ?

  A. સાપુતારા પર્વતમાળા B. અમરકંટક પર્વતમાળા
  C. વિંધ્યાચલ પર્વતમાળા D. મંડલા પર્વતમાળા

- ફળદ્રુપ જમીન કોને કહેવાય ?

  A. વધારે પાણીની જરૂર પડે તેવી B. વધારે ખડકાળ હોય તેવી

C. વધારે રેતાળ હોય તેવી D. વધારે ઉપજ આવે તેવી

- આપેલ શબ્દજોડમાંથી કઈ શબ્દજોડ જાતિવાચક સંજ્ઞાની છે ?

A. નર્મદા - અમરકંટક B. સાતપુડા - યમુના
C. ઉત્તર - દક્ષિણ D. નદી - પર્વત

- નર્મદા નદી પર્વતોમાંથી નીકળી જુદા જુદા રાજ્યોમાં થઈ સમુદ્રને મળે છે વાક્યમાં કઈ કઈ સંજ્ઞાઓ છે ?

A. જાતિવાચક - વ્યક્તિવાચક B. સંખ્યાવાચક - ગુણવાચક
C. વ્યક્તિવાચક - પ્રમાણવાચક D. ગુણવાચક - દ્રવ્યવાચક

## હેતુલક્ષી

(4) તું તારા દિલનો દીવો થા ને !
ઓ રે ! ઓ રે ! ઓ ભાયા !
રખે કદી તું ઉછીનાં લેતો પારકાં તેજ ને છાયા ;
એ રે ઉછીનાં ખૂટી જશે ને ઊડી જશે પડછાયા !
ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું .
કોડિયું તારૂં કાચી માટીનું, તેલ દિવેલ છુપાયાં ;
નાની સળી અડી ન અડી પરગટશે રંગમાયા !
ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું .
આભના સૂરજ ચંદ્ર ને તારા, મોટા મોટા તેજરાયા ;
આતમનો તારો પ્રગટાવ દીવો, તું વિણ સર્વ પરાયા !
ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું .
– ભોગીલાલ ગાંધી ‘ ઉપવાસી ’

પ્રશ્નો :

- કવિતામાં ' તું તારા દિલનો દીવો થા ને ' એમ કહીને મનુષ્યને શું બનવા માટે કહ્યું છે ?

A. બીજા લોકો પર આધાર રાખવા B. પોતાના વિચારો અને શક્તિથી જીવવા
C. સમાજમાં મોટું સ્થાન મેળવવા D. સફળ થવા માટે મહેનત કરવા

- કવિતામાં ' પારકાં તેજ ને છાયા ' ઉછીનાં લેવાની ના કેમ પાડી છે ?

A. કારણ કે તે નસીબ પર આધાર રાખે છે.
B. કારણ કે તે ક્ષણિક હોય છે અને લાંબાગાળે કામ લાગતા નથી.
C. કારણ કે તે હંમેશાં ખોટાં હોય છે.
D. કારણ કે તે આત્માને દુઃખી કરે છે.

- કવિતામાં ' આતમનો દીવો ' એટલે શું ?

A. બીજાની સલાહ B. આત્મવિશ્વાસ અને આંતરિક શક્તિ
C. ભગવાનની કૃપા D. મોટું સ્વપ્ન

- ' નાની સળી અડી ન અડી પરગટશે રંગમાયા !'
આ પંક્તિનો અર્થ શો છે ?

A. મોટી સફળતા માટે નાનો પ્રયાસ જ પૂરતો છે. B. કોઈ પણ કાર્ય શરૂ કરવું ખૂબ જ મુશ્કેલ છે.
C. નાની સળી જાદુ કરી શકે છે. D. જીવનમાં બધી વસ્તુઓ નાની હોય છે.

- ' તું વિણ સર્વ પરાયા ' આ પંક્તિનો અર્થ શો થાય ?

A. આ દુનિયામાં કોઈ તમારું નથી.

B. આત્મશક્તિ જ સાચો સાથી છે, બાકીના સહારો ક્ષણિક છે.

C. માણસે એકલા જ રહેવું જોઈએ.

D. બીજા લોકો પર વિશ્વાસ ન કરવો.

**C 3.1 -** વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - **parts of speech (**નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો)ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે
**LO** ક્રમાંક : **G706.8** શબ્દ સમૂહ માટે એક શબ્દનો ઉપયોગ કરે છે.

ટૂંક જવાબી

(પ્રશ્ન દીઠ 1 ગુણ)

પ્રશ્ન **:** આપેલા વાક્યોમાં રેખાંકિત શબ્દને સ્થાને એક શબ્દ મૂકીને વાક્ય ફરીથી લખો**.**

A. ગામડામાં ગોવાળે બાળકને ગાયનું તરતનું જ દોહેલું દૂધ પીવા માટે આપ્યું.

B. સમુદ્રમંથન સમયે ચૌદ રત્નોમાંથી એક રત્નરૂપે ઈચ્છા અનુસાર દૂધ આપનારી ગાય પ્રાપ્ત થઈ હતી.

C. જુમો ભિસ્તી તેના પાડા વેણુના શરીર પર પસરાવવાના સાધન વડે માલિસ કરતો હતો.

D. દમયંતીના ચહેરાની સુંદરતા કોઈ સાથે ઉપમા ન આપી શકાય તેવી હતી.

**C 2.3** સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણનાં વિવિધ પાસાંઓ વિશે પોતાનાં વિચારો અને વિવેચના મૌખિક અને લેખિત સ્વરૂપે અભિવ્યક્ત કરે છે.
**LO** :**703.7** : સામગ્રી વિષયક આગાહી કરે અને સર્જનાત્મક ચિંતન કરે છે.

ટૂંક જવાબી

પ્રશ્ન **:** બે ત્રણ વાક્યમાં જવાબ આપો**.** (પ્રશ્ન દીઠ ૨ ગુણ)

1. જનસેવા કરવા માટે તમે શું કરશો ?
2. તમે કોઈપણ કાર્યમાં નિર્લેપ કઈ રીતે રહી શકો ?
3. સમાજમાં બદલાવ લાવવા માટે શું કરવું પડે ?
4. તમારા ગામ / શહેરના વિકાસ માટે પ્રયત્નશીલ વ્યક્તિના કાર્યો વિશે લખો .
5. પ્રાણીઓ પાળવાથી થતા લાભાલાભ વિશે લખો .
6. તમારી કક્ષાએ દેશ સેવા માટે તમે કયા-કયા કાર્યો કરશો ?
7. ' પ્રાણી માત્રને રક્ષણ આપ્યું ' એટલે ખરેખર શું કર્યું હશે ?
8. કેવી વ્યક્તિ માટે ' ક્ષમાસિંધુ ' શબ્દ વાપરી શકાય ?
9. વિશ્વશાંતિ એટલે શું ? શું તમે વિશ્વ શાંતિ લાવી શકો ?
10. તમે કયું પ્રાણી પાળવું ગમે ? કેમ ? તમે તેને કેવી રીતે કાળજી લેશો ?

**C 2.3** સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણનાં વિવિધ પાસાંઓ વિશે પોતાનાં વિચારો અને વિવેચના મૌખિક અને લેખિત સ્વરૂપે   અભિવ્યક્ત કરે છે.
**LO** ક્રમાંક : **703.6** : સામગ્રી વિષયક વિવેચનાત્મક ચિંતન કરે છે.

નિબંધ પ્રકાર

પ્રશ્ન **:** વિસ્તૃતમાં જવાબ આપો**.**
(પ્રશ્ન દીઠ 5 ગુણ)

1. રામે આજીવન એક જ વખત લગ્ન કરવાની ટેક લીધી હતી - ટેકની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત જવાબ આપો.        અથવા
2. તમે લીધેલ કોઈ પ્રતિજ્ઞા કે ટેક વિશે વિસ્તારથી લખો.
3. ' માનવધર્મ ' દરેક ધર્મ કરતાં શ્રેષ્ઠ ધર્મ છે - સમજાવો.
4. તમારા જીવન માટે પ્રેરણારૂપ વ્યક્તિ વિશેષ વિશે લખો.
5. તમારી પરિચિત વ્યક્તિના વર્તનમાં આવેલ પરિવર્તન વિશેનો અનુભવ લખો.
6. હોસ્ટેલમાં અથવા ઘરથી દૂર રહેવાના પ્રસંગે તમને થયેલ સારા-માઠાં અનુભવો વિશે લખો.
7. તમારા કુટુંબ માટે આધારસ્તંભ સમાન વ્યક્તિ વિશે લખો.
8. ' ભૂલી જઈને ભેદ આપણે એક થઈને ચાલો ' પંક્તિ આધારિત બે પ્રસંગો લખો.

**C3.2-** સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.
**LO** ક્રમાંક **709.2** લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે.

## નિબંધ પ્રકારના પ્રશ્નો

સૂચના **:** અધૂરી વાર્તા પૂર્ણ કરો**.** (દરેકના 5 ગુણ)

(1) ફોરમને પંખીઓ જોવાનો એટલો તો શોખ કે એની નજર પંખીઓને જ શોધતી હોય. પંખીઓની પાંખો, એમના જુદા જુદા રંગો અને એમના જુદા જુદા આકારના માળાઓ વિશે જાણવાનું અને વાંચવાનું મળે તો એના હરખનો પાર જ ન રહે ! રવિવારનો દિવસ હતો. એનાં મમ્મી-પપ્પા સાથે આજે એને જંગલમાં જવાનું હતું. જાતજાતના વિચારો કરતી એણે પથારીમાંથી જાગીને જોયું તો ...

(2) શહેરની જૂની હવેલીમાં એક દાદા રહેતા હતા. દાદા હંમેશાં ખુશ રહેતા હતા. એ દાદા પાસે એક લાકડાની ડબ્બી હતી. જ્યારે પણ એ નવરા પડે ત્યારે ડબ્બીનું ઢાંકણું ખોલી એમાં જોતાં જોતાં વાતો કરે.નજીકથી પસાર થતા લોકોને નવાઈ લાગતી કે આ દાદા કોની સાથે વાતો કરતા હશે ? એક દિવસ એક વ્યક્તિએ દાદાને પૂછ્યું કે ...

(3) એક ગૌરી નામની ગાય હતી. તે દરરોજ સવારે સૂર્ય ઊગે તે પહેલાં ઊઠી જતી અને પોતાની કસરત કરતી. હા, તમે સાચું સાંભળ્યું, કસરત ! તે પોતાના પગ ઊંચા કરીને ઊંડા શ્વાસ લેતી અને પછી ધીમે ધીમે આખા ખેતરમાં ચાલતી. ગામના લોકો તેને જોઈને હસતા અને કહેતા, " જુઓ, ગૌરીગાય યોગ કરે છે!" પણ ગૌરીને કોઈની પરવા નહોતી. તે જાણતી હતી કે સ્વસ્થ રહેવું કેટલું જરૂરી છે. એક દિવસ એવું થયું કે ...

(4) મારા ગામની પાસેથી એક ટ્રેન પસાર થતી. રજાઓમાં જ્યારે પણ અમે ગામડે જઈએ ત્યારે ટ્રેનની રાહ જોતા ઊભા રહીએ. ટ્રેન કોઈ રાણીની જેમ આવતી દેખાય – સીટી વગાડી રેલવેના પાટા પર ધડામ ધડધડ અવાજ કરતી કરતી. એક દિવસ હું ટ્રેનને જોવા ઊભો હતો / ઊભી હતી, પણ ટ્રેન સમયસર આવી નહીં. હું ટ્રેનના પાટા તરફ મોઢું કરીને ઊભો હતો / ઊભી હતી અને અચાનક ...

(5) ફિરદૌસ ગણિતમાં ખૂબ હોશિયાર હતો અને તે સાયકલ પણ રિપૅર કરી લેતો હતો.એના ભાઈબંધોને એના પર ગર્વ હતો કે એ કોઈ પણ વસ્તુની રચના શીખવા માટે તૈયાર રહેતો. એક દિવસ એણે એવું કામ કર્યું કે બધાં જોતાં જ રહી ગયા ...

C : **1.1 -** પાઠ્યસામગ્રી (સમાચાર**,** રિપોર્ટસ**,** સંપાદકીય) ને કાળજીપૂર્વક સાંભળીને અથવા વાંચીને મુખ્ય મુદ્દાઓ
ારવે છે અને સારાંશ કરે છે.
**LO** ક્રમાંક : **704.5 :** શબ્દ**,** શબ્દસમૂહ અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય**,** સંવાદ**,** પરિચ્છેદ**,**
વાર્તા અને કાવ્યની રચના કરે છે.

## નિબંધ પ્રકારના પ્રશ્નો

પ્રશ્ન **:** આપેલ શબ્દનો ઉપયોગ કરી પરિચ્છેદ **/** વાર્તા લખો**.**
(દરેકના 5 ગુણ)

(1) જનસેવા, આધારસ્તંભ, ઓસરી ગયો, દમ નીકળી જવો, ઝાઝાં હાથ રળિયામણાં

(2) ગાજવીજ, મૂશળધાર, સંપ ત્યાં જંપ, ઝાઝાં મોઢાં અળખામણા, હાથ બંધાઈ જવા

(3) કામધેનુ, કોયડો, આંખ ઉઘડવી, લહે / લગની લાગવી, કાળા અક્ષર કુહાડે મારવા